# બહુચરાજી ના મેહરબાન પ્રિન્સીપાલ સિવિલ જજ
## અને જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ કોર્ટ માં મુકામ જી. મહેસાણા
**શ્રી એસ.આઈ.ચૌહાણ સાહેબ ની સમક્ષ**

| | | | | |
|---|---|---|---|---|
| **R.C.S. NO. 02/2020** | **આંક :-** | | | |
| CNR :: GJMH080000872020 | | દિવસ | માસ | વર્ષ |
| | સમયગાળો | 22 | 01 | 06 |
| | દાખલ તા. | 03 | 02 | 2020 |
| | ફેંસલા તા. | 25 | 03 | 2026 |

---

## મિલ્કત ની વહેંચણી નો દાવો.

---

- (1) રબારી ભગવાનભાઇ માલજીભાઈ ઉ.વ. 62
- ધંધો - ખેતી , રહે.આસજોલ તા. બેચરાજી.
- જી. મહેસાણા. ......................................................(વાદી)

વિરુદ્ધ

- (1) રબારી કાળાભાઇ માલજીભાઈ ઉ.વ. 56
- (2) રબારી ગંગાબેન તે ગોવિંદભાઇ માલજીભાઈ ની વિધવા ઉ.વ. 50
- (3) રબારી સોનલબેન ગોવિંદભાઇ ઉ.વ. 24
- (4) રબારી સેજલબેન ગોવિંદભાઇ ઉ.વ. 22
- રહે. પ્રતિવાદી નં.2 થી 3 રહે આસજોલ તા. બેચરાજી.
- જી. મહેસાણા. ......................................................................(પ્રતિવાદી)

==================================================

| | | |
|---|---|---|
| વાદી પક્ષ ના વી.વકીલ શ્રી | :- | વી.એસ.જોશી. |
| પ્રતિવાદી નં.1 પક્ષ ના વી.વકીલ શ્રી | :- | વાય.એન.આચર્યું. |
| પ્રતિવાદી નં. 2 થી 4 પક્ષ ના વી.વકીલ શ્રી | :- | એમ.એસ. પટેલ. |

==================================================

(1) **દાવા હકીકત :-** વાદી જણાવે છે કે તેઓ આસજોલ મુકામે છે રહે છે. અને ખેતમજૂરી તથા પશુપાલન દ્વારા કુટુંબ નું ગુજરાન ચલાવે છે. તેઓ એ જણાવેલ છે કે, પ્રતિવાદી 1 નં.એ સગા ભાઈ છે અને પ્રતિવાદી નં. 2 , 3, અને 4 ના ઓ તેઓ ના ભાઈ

ગોવિંદભાઇ માલજીભાઈ જેઓ નું અવસાન થયેલ છે. તેઓ ના સીધીલીટી ના વારસદારો છે. વધુ માં જણાવેલ છે કે વાદી  ના કાકા રબારી ચેહોરભાઈ હીરાભાઈ  ની:સંતાન મૈયત થયેલ છે અને વાદી  ના માતૃશ્રી હરખાબેન માલજીભાઈ મૈયત થયેલ છે. વાદી  અને પ્રતિવાદીઓ માલજીભાઈ હીરાભાઈ ના સીધી લીટી ના વારસદારો છે. અને ગુજરનાર માલજીભાઈ હીરાભાઈ રબારી ની તમામ સ્થાવર તથા જંગમ મિલ્કત માં વાદી તથા પ્રતિવાદીઓ નો કાયદેસર નો લાગ,  ભાગ, હક્ક , હિસ્સો અને હિટ સંબંધ છે. અને અમારા પિતાશ્રી માલજીભાઈ હીરાભાઈ ના ખાતે થી વડીલોપાર્જિત મિલ્કત વહેંચાયેલી આવેલ છે. અને માલજીભાઈ એ તેઓ ની હયાતી માં મિલ્કત ની વહેંચણી કરેલ નથી. કે કોઈ વીલ કે વસિયતનામું બનાવેલ નથી. તેઓ ની સંયુક્ત મિલ્કત નીચે મુજબ છે. અનુક્રમ નંબર (અ ) , ખાતા નંબર :- 370 , સર્વે નંબર :- 873 , ક્ષેત્રફળ 0-55-71 આકાર 1-97 તથા સર્વે નંબર :- 1131 , ક્ષેત્રફળ :- 0-44-74 આકાર 1-53 તથા સર્વે નંબર :- 1140 , ક્ષેત્રફળ :- 0-16-05 , આકાર 0-25  આમ,કુલ સર્વે નંબર 3 અને કુલ ક્ષેત્રફળ 1-16-50 કુલ આકાર 3-75 ની છે. તથા  મોજે.આસજોલ તા. બેચરાજી જી.મહેસાણા  માં રબારી વાસ માં અમારા વડીલોપાર્જિત વાડાવાળી જમીન માં આવેલ રહેણાંક નું મેઢાબંધ મકાન જેની ચતુર્દીશા નીચે મુજબ છે.  જેમાં પૂર્વે :- વાડા વાળી જમીન આવેલ છે. તથા પશ્ચિમે :- બાબુભાઇ વરાવાભાઇ નું મકાન આવેલ છે. તથા ઉત્તર :- મકાન નો દરવાજો છોડી પટેલ વાસ આવેલ છે. તથા દક્ષિણ :- પ્રજાપતિ વાસ આવેલ છે. ઉપરોક્ત ખૂણે વર્ણન વચ્ચે આવેલ રહેણાક નું મકાન જેનું માપ  આશરે  18 ફૂટ પહોળાઈ તથા 50 ફૂટ લંબાઈ નું મેઢા બંધ આવેલ છે. જે આસજોલ ગ્રામ પંચાયત ના દફ્તરે અમારા પિતાશ્રી રબારી માલજીભાઈ હીરાભાઈ ના નામે ચાલતું હતું અને પ્રતિવાદી નં. 01 ના એ અમારી કાયદેસર ની સહી સમંતિ વિના અને ગેરકાયદેસર રીતે પોતાના નામે કરાવેલ છે. આમ, મોજે . આસજોલ તા. બેચરાજી જી. મહેસાણા રબારી વાસ માં આવેલ ઢોર બાંધવાના વાડા  ની જમીન તથા તેમાં આવેલ મકાન વાળી મિલ્કત અમારા પિતા શ્રી ની વહેંચાયેલી વારસાઈ મિલ્કત છે. વધુ માં વાદી  એ જણાવેલ છે કે , આસજોલ મુકામે આવેલ ગુજારનાર માલજીભાઈ હીરાભાઈ તથા વાદી  તથા પ્રતિવાદી નં. 1 તથા 2 એમ કુલ ત્રણ હિસ્સેદારો નો સરખો હિસ્સો પોસાય છે અને વારસા અધિનિયમ ની જોગવાઈ મુજબ ત્રણેય સરખા હિસ્સેદારો વચ્ચે ઉપરોક્ત મિલ્કત ની કાયદેસર ની વહેંચણી કરી દરેક હિસ્સેદાર ના ભાગે આવતી મિલ્કત હિસ્સેદાર ને  સ્થળ ઉપર કબ્જો સોંપવી તથા તે હિસ્સેદાર ના નામે દાખલ કરવી  જોઈએ. આ કામ ના પ્રતિવાદી નં. 1 ના અમો વાદી  ના સગાભાઇ છે અને અમારા પિતા રબારી માલજીભાઈ હીરાભાઈ તથા અમારા કાકા

ચેહોરભાઈ મૈયત થયા પછી પ્રતિવાદી નં. 1 ના એ તમામ વડીલોપાર્જિત વારસાઈ મિલ્કત નો ગેરકાયદેસર અને બાથમણિઓ કબ્જો કરેલ છે. અને અમો ને કાયદેસર નો ભાગ આપવો ના પડે તે માટે પ્રતિવાદી અવાર નવાર અમો તથા અમારા કુટુંબી જનો સાથે વિના કારણે ઝઘડો કરે છે અને પ્રતિવાદી નં. 1 ના એ તથા તેમની પત્ની અને પુત્ર એ તા. 16-07-2017 ના રોજ અમારા સાથે ઝઘડો હથિયારો વડે અમારા પત્ની અને પુત્રી ને ઈજાઓ કરેલ હોવાથી અમારી પત્ની એ તેઓ ની વિરુદ્ધ બેચરાજી પોલીસ સ્ટેશન 49/2017 થી ફરિયાદ દાખલ કરેલ છે. અને પ્રતિવાદી નં. 1 ના ની પત્ની એ અમારા વિરુદ્ધ ખોટી ફરિયાદ કરેલ છે. આમ,આ કામ ના પ્રતિવાદી નં. 1 ના એ વાદી ના પિતા મૈયત રબારી માલજીભાઈ હીરાભાઈ તથા કાકા રબારી ચેહોરભાઈ હીરાભાઈ ના મૈયત પછી વડીલો પાર્જીત વણ વહેંચાયેલી વારસાઈ મિલ્કત કે જે મિલ્કત નો ત્રીજો ભાગ વાદી ને આપેલ નથી વકીલ દ્વારા નોટિસ આપતા પ્રતિવાદી નં. 1 ના એ ભાગ આપવો નથી. તમારાથી થાય તે કરી લેજો એવી ધમકી આપેલ અને તા. 16-07-2017 ના રોજ અમારી સાથે ઝઘડો કરેલ ત્યાર થી આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આમ, વાદી એ સબબ વાદગ્રસ્ત મિલ્કત એ વડીલોપાર્જિત વણ - વહેંચાયેલી મિલ્કત છે તેવું ઠરાવી આપવામાં અને વાદી નો કાયદેસર નો વારસાઈ હક્ક ત્રીજો ભાગ મળવાપાત્ર છે. તેવું ઠરાવી આપવાના તથા પ્રતિવાદી નં. 1 ના એ વાદગ્રસ્ત મિલ્કત નો ત્રીજા ભાગ નો કબ્જો સ્થળ ઉપર સોંપે તથા આજ સુધી ની ખેતી ની ઉપજ નો ત્રીજો ભાગ ચૂકવી આપે તેવો હુકમ થવા અરજ કરેલ છે.

(2) **પ્રતિવાદી ને નોટિસ :-** સબબ કામે પ્રતિવાદી નં. 1 ના ને નોટિસ ની બજવણી થતા તેઓ આ કામે તેઓ ના વી.વકીલ શ્રી મારફતે હાજર થયેલ અને આંક - 13 થી દાવા અરજી નો જવાબ રજૂ કરેલ છે. જે મુજબ તેઓ એ જણાવેલ છે કે, વાદી આસજોલ ગામે રહે છે તે હકીકત સાચી છે અને ખેડૂત છે કે ખેતમજૂરી કરે છે તે હકીકત જાણતા નથી. પક્ષકારો વચ્ચે નો સંબંધ ની હકીકત સાચી છે. અને રબારી ચેહોરભાઈ નું ની:સંતાન મૈયત થયેલ છે. તે હકીકત પણ સાચી છે. તથા પક્ષકારો માલજીભાઈ હીરાભાઈ રબારી ના સીધી લીટી ના વારસો છે તે હકીકત પણ સાચી છે. ગુજર નાર માલજીભાઈ હીરાભાઈ ની સ્થાવર જંગમ મિલ્કત માં વારસદારો સરખો હક્ક હિસ્સો હિત સંબંધ ધરાવતા હોવાની વાત ખરી છે. ગુજ. માલજીભાઈ હીરાભાઈ ની બધી સ્થાવર મિલ્કત વણ - વહેંચાયેલી હોવાની કે ગુજર. ની હયાતી માં વહેંચણી કરેલ ના હોવાની કે કોઈ વીલ કે વસિયતનામું કરેલ ના હોવાની રજુઆત પ્રમાણે ની હકીકત અમારી જાણમાં નથી. તેઓ એ જણાવેલ છે કે, (અ) ખાતા

નં .370 હેઠળ ના સર્વે નં. - 873 , 1131 અને 1140 ની જમીન વણ-વહેંચાયેલી વડીલોપાર્જિત હોવાની હકીકત ખરી છે. (બ) વાદી એ વડીલોપાર્જિત વાડાવાળી જમીન માં આવેલ રહેણાંક નું મેઢા બંધ મકાન વહેચાયેલું હોવાનું બતાવેલ છે જે વાત ખરી નથી. અને કબૂલ નથી. સદર મકાન માલજીભાઈ હિરાભાઈ ના નામે ચાલતું હતું. અને અમો એ વાદી ની સહી સમંતિ વિના ગેરકાયદેસર રીતે પોતાના નામે કરાવેલ હોવાની વાત ખરી નથી. અને કબૂલ નથી. વાદી એ પુન : રબારી વાસ માં આવેલ ઢોર બાંધવાના વાડા ની જમીન તથા તેમાં આવેલ મકાંનવાળી મિલ્કત વણ - વહેચાયેલી વારસાઈ મિલ્કત હોવાની જણાવેલી વાત ખરી નથી. અને જેની વહેંચણી કરવાની રહેતી નથી. તે ઉપરાંત ના આક્ષેપો પ્રતિવાદી નં. 1 ના એ નકારી કાઢેલ છે. વધુ માં જણાવેલ છે કે પ્રતિવાદી નં. 2 , 3 તથા 4 ના અમારા ભાઈ ગોવિંદભાઇ માલજીભાઈ ના વારસદારો છે. અને અમારા પિતાની વણ - વહેંચાયેલી ખેતી ની જમીનો માં તેઓ નો અમારા જેટલો અને ત્રીજો હિસ્સો રહેલો છે. વાદી એ તેઓ ની સામે દાદ ના માંગી હોવાનું જણાવેલ છે પર્નાતું વડીલોપાર્જિત ખેતી ની જમીન માં અમારા પિતા ના ત્રણે પુત્રો નો સરખો હિસ્સો હોવાની હકીકત નજરે વહેંચણી ની દાદ લાગુ પડે છે. વધુ માં જણાવેલ છે કે, જે મકાન છે તે ગ્રામ પંચાયત હેઠળ નું મકાન છે. અને વાદી એ તે મુજબ ના ની પિટિશન કરવી જોઈએ. તેથી આ મિલ્કત બાબતે પંચાયત ની હકુમત હોઈ નામ.કોર્ટ ની હકુમત રહેતી નથી. વધુ માં તેઓ એ કબૂલ રાખેલ છે. કે સર્વે નં. - 873, 1131 અને 1140 વાળી ખેતી ની જમીન ની ત્રણ હિસ્સા માં વહેંચણી માટેની માંગેલી દાદ સામે કોઈ વાંધો નથી. તે સિવાય ની દાદ આપવા પાત્ર નથી. વધુ માં તેઓ એ જણાવેલ છે કે આસજોલ ગમે અમારા પિતા રબારી માલજીભાઈ હીરાભાઈ બે મકાન અને બે પ્લોટ ધારણ કરતા હતા. સદર મિલ્કતો ની ઘણા વર્ષો પહેલા મૌખિક વહેંચણી થયેલી અને તે પ્રમાણે ભોગવટા ઉપયોગ શરુ થયેલો અને તે પ્રમાણે બે મિલ્કતો વાદી ભોગવે છે અને જેના મિલ્કત નં. 668 અને 689 છે અને બે મિલ્કતો અમો પ્રતિવાદી નં. 1 ભોગવીએ છીએ જેના મિલ્કત નં. 673 અને 675 છે. જે વહેંચણી મુજબ પંચાયત દફ્તરે દાખલ થતા કુલ ચાર મકાન પૈકી બે મિલ્કતો વાદી ના નામે અને બીજી બે મિલ્કતો અમો પ્રતિવાદી નં. 1 ના નામે આવેલ છે. અમારા નામે આવેલ બે મિલ્કતો ના મિલ્કત વેરા અમો ગ્રામ પંચાયત માં ભરીયે છીએ જે વેરા ભર્યા ની પહોંચ જેટલી ઉપલબ્ધ છે. તે પ્રમાણે સને 2009/2010 થી 2019/2020 સુધી ની પહોંચોની નકલો આ કામે રજૂ કરીયે છીએ. આમ, આ મકાન કે ગાળા માટે કોઈ વહેંચણી કરવાની રહેતી નથી.

(3) વધુ માં આં કામે પ્રતિવાદી નં. 2, 3 અને 4 ના ઓ એ આંક - 17 થી વાદી ના દાવા નો જવાબ રજૂ કરેલ છે. તેઓ એ આક્ષેપિત હકીકતો ને ઇન્કાર કરેલ છે. અને વાદી ના દાવા અરજી ની હકીકતો ને નકારી કાઢેલ છે. અને આજ દાવા ના કામે આંક - 46 થી પ્રતિવાદી દ્વારા સી.પી.સી. ઓર્ડર 6 રૂલ્સ 17 મુજબ દાવા અરજી ના જવાબ માં સુધારો કરવા અરજ કરેલ છે. અને જે રેકર્ડ ઉપર લીધેલ છે અને બાકી ના પક્ષકારો ને નોટિસ કાઢેલ છે. પરંતુ તેઓ આ અરજી સંદર્ભે હાજર રહેલ નથી. સબબ સુધારેલી દાવા અરજી ના જવાબ માં તેઓ એ જણાવેલ છે કે, સદર દાવા ના કામે વાદી એ દાવા અરજ પેરા - 16 માં જણાવેલ તેમના માગ્યા મુજબ ની દાદ અમો પ્રતિવાદી નં. 2,3,4 ને કાબુલ છે અને દાદ માં અમો કોઈ સુધારો વધારો કરવા માંગતા નથી. અને વાદી ના દાવા ની તમામ હકીકતો ને આ સુધારા અરજી થી સમર્થન મળે છે અને વાદી એ માંગેલ દાદ માં કોઈ ફેરફાર થતો ના હોઈ દાવા અરજી ની દાદ માં સમર્થન આપેલ છે.

(4) સબબ દાવા ના કામે , અત્રે ની કોર્ટ દ્વારા નીચે મુજબ ના મુદ્દા ઘડેલ છે. અને તેના જવાબ કારણો મુજબ રજૂ કરેલ છે.

-: મુદ્દા અને તેના જવાબ :-

| ક્રમ. | મુદ્દા | જવાબ |
|---|---|---|
| 01 | શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલ્કત વાદી તથા પ્રતિવાદીઓ ની વડીલોપાર્જિત વણ - વહેંચાયેલી મિલ્કત છે ? | અશંત હકાર માં |
| 02. | શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલ્કત માં વાદી નો કાયદેસર નો વારસાઈ હક્કે ત્રીજો ભાગ મળવાપાત્ર છે ? | હકાર માં |
| 03. | શું પ્રતિવાદી ઓ પુરવાર કરે છે કે દાવો ચાલવા પાત્ર નથી ? | નકાર માં |
| 04. | શું વાદી નો દાવો કાયેદસર રીતે ટકવાપાત્ર છે ? | હકાર માં |
| 05. | શું વાદી માંગ્યા મુજબ ની દાદ મેળવવા હક્કદાર છે? | અશંત હકાર માં |
| 06. | શું હુકમ અને હુકમનામું ? | આખરી હુકમ મુજબ |

(5) **સબબ દાવા ના કામે, પક્ષકારો દ્વારા નીચે મુજબ ના પુરાવા રજૂ કરેલ છે.**

**વાદી તરફે મૌખિક પુરાવો**

| આંક | સાહેદ | પ્રકાર |
|---|---|---|
| 22 | રબારી ભગવાનભાઈ માલજીભાઈ નું સરતપાસ અને ઉલટ તપાસ | વાદી |
| | **વાદી  તરફે દસ્તાવેજી પુરાવો** | |
| **આંક** | **દસ્તાવેજ** | **પ્રકાર** |
| 23 | સર્વે નં. 370 આસજોલ નું ગામ નમૂનો 8 - એ | અસલ |
| 24 | સર્વે નં. 370 આસજોલ નું ગામ નમૂનો 7 | અસલ |
| 25 | સર્વે નં. 1131 આસજોલ નું ગામ નમૂનો 7 | અસલ |
| 26 | સર્વે નં. 1140 આસજોલ નું ગામ નમૂનો 8 - એ | અસલ |
| 27 | હક્ક પત્રક તા. 18-07-1996 વારસાઈ | ખરી નકલ. |
| 28 | પ્રતિવાદી ને મોકલેલ નોટિસ ની કોપી | ઓફિસ કોપી |

(6) **પ્રતિવાદી તરફે પૂરતી તક આપેલ બાદ પણ કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી જેથી પ્રતિવાદી નો પુરાવો નો હક્ક બંધ કરેલ છે.**

| | પ્રતિવાદી નં. 1 ના એ દાવા જવાબ સાથે રજૂ કરેલ દસ્તાવેજ | |
|---|---|---|
| **આંક** | **દસ્તાવેજ** | **પ્રકાર** |
| નિશાની 14/1 | વાદી  ના નામે મિલ્કત નં. 668 તથા 669  નું આકારણી પત્રક | નકલ. |
| નિશાની 14/2 થી | પ્રતિવાદી નં 1 ના નામે મિલ્કત નં. 673 અને 675 દર્શવતું આકરણી પત્રક | નકલ. |
| નિશાની 14/3 થી | સને 2004-05 , 2007-08 અને 2009-10 ના ગ્રામ પંચાયત ના નમૂના નં. - 09 ની ઝેરોક્ષ કોપી. | નકલ. |
| નિશાની 14/4 થી | સને 2009-10 થી સને 2019-20 સુધી ના મિલ્કત નં. 673 અને 675 ના ગ્રામ પંચાયત માં વેરો ભર્યાની નકલો | નકલ. |
| | **પ્રતિવાદી નં. 2 , 3 અને 4 તરફે નીચે મુજબ ના જવાબ સાથે ના દસ્તાવેજી રજૂ કરેલ છે.** | |
| નિશાની 18/1 થી | રેવન્યુ ખાતા નં. 370 ની 8-અ ની નકલ. | નકલ. |
| નિશાની 18/2 | રેવન્યુ ખાતા નં. 1131 ની ગામ નમૂના નં. 7 ની નકલ. | નકલ |
| નિશાની 18/3 | રેવન્યુ ખાતા નં. 1131 ની ગામ નમૂના નં. 12 ની નકલ | નકલ |
| નિશાની 18/4 થી | રેવન્યુ ખાતા નં. - 1140 થી ગામ નમુના નં. - 07 ની નકલ. | નકલ. |

| | | |
|---|---|---|
| નિશાની 18/5 થી | રેવન્યુ ખાતા નં. - 873 ની ની ગામ નમુના નં. 7 ની નકલ. | નકલ. |
| નિશાની 18/6 થી | રેવન્યુ ખાતા નં - 873 ના ગામ મેનુમાં નં. 7 ની નકલ. | નકલ |
| નિશાની 18/7 થી | રેવન્યુ ખાતા નં. - 873 ગામ નમૂના નં. 12 ની નકલ. | નકલ. |
| નિશાની 18/8 થી | રેવન્યુ નોંધ 1749 ની નકલ. | નકલ |
| નિશાની 18/9 | રેવન્યુ નોંધ નં. - 3546 ની નકલ. | નકલ. |
| નિશાની 18/10 | રબારી કાળાભાઇ માલજીભાઈ ના રબારી વાસ માં આવેલ મિલ્કત નં. 673 ના આકારણી પત્રક ની નોંધ. | નકલ |

(7) **દલીલો :- સબબ કામે વાદી ની દલીલો સાંભળી , પ્રતિવાદી ના વી.વકીલ શ્રી દલીલો માટે હાજર રહેલ ના હોય, દલીલો નો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.**

## પુરાવા નું અવલોકન.

(8) સબબ કામે આંક - 22 થી વાદી રબારી ભગવાનભાઇ માલજીભાઈ નું સરતપાસ નું સોગંદનામું રજૂ થયેલ છે અને તેઓ ની ઉલટ તપાસ પ્રતિવાદી નં. 2 થી 4 ના વી.વકીલ શ્રી એમ.એસ. પટેલ ના ઓ એ કરેલ છે. પ્રતિવાદી નં. 1 ના એ ઉલટ તપાસ કરેલ નથી. સબબ ઉલટ તપાસ માં વાદી એ જણાવેલ છે કે

(1) એ વાત ખરી છે કે, અમો વાદી તથા પ્રતિવાદી નં. 1 તથા પ્રતિવાદી ન. 2 ગંગાબેન ના પતિ અને પ્રતિવાદી નં. 3 અને 4 ના પિતા ગોવિંદભાઇ ત્રણેય સગાભાઇઓ છે.

(2)એ વાત ખરી છે કે, તકરારી મિલ્કત માં અમો ત્રણેય ભાઈઓ નો સરખો હિસ્સો છે

(3)મને એ વાત ની ખબર નથી કે, દાવા અરજી માં જણાવેલ સર્વે નંબરો પૈકી સર્વે નં. 1131 જેનો જૂનો સર્વે નં. - 544 જે પ્રતિવાદી નં. 2 થી 4 ના ભાગે આવેલ છે અને તે જમીન માં તેઓ જ વાવે છે કે કેમ ?

(4)એ વાતની પણ મને ખબર નથી કે સદર દાવા માં જણાવેલ વાડા ની જગ્યા જેનો મિલ્કત નં. 673 તે વાળા વાદી જગ્યા પ્રતિવાદી નં. 2 થી 4 ના ભાગમાં આવેલ છે અને તેનો કબ્જો ભોગવટો પણ તેઓ નો છે કે કેમ ?

(5)તેઓ ને સવાલ પૂછેલ છે કે :- સર્વે નં. 1131 વાળી નો ખેતીવાળી ના સર્વે નંબર વાળી જગ્યા પ્રતિવાદી નં. 2 થી 4 ના ભાગે આપવા તૈયાર છો? જવાબ માં તેઓ એ ભાગે આપતી  હોય તો આપવા તૈયાર છે. તેવું જણાવેલ છે.

(6)ત્યાર બાદ બીજા પ્રશ્ન માં મિલ્કત નં. 673 વાળો વાડો પ્રતિવાદી નં. 2 થી 4 ના ભાગે આપવા તૈયાર છો ? તો જવાબ માં તેઓ એ હાજી તેઓ ના ભાગે આવતી હોય તો આપવા તૈયાર છે. તેવું જણાવેલ છે અને તેમ પણ જણાવેલ છે કે મારી પાસે કબ્જો નથી.

(9) ઉપરોક્ત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક પુરાવા આ કામે રજૂ થયેલ નથી. વધુ માં જે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે. તે મુજબ આ મુજબ નું અવલોકન રેકર્ડ ઉપર આવે છે.

-: કારણો :-

(10) ઉપરોક્ત રજુ તમામ હકીકતો અને પુરાવો  જોતા રેકર્ડ ઉપર તે હકીકત સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે, વાદી ઓ અને પ્રતિવાદીઓ સગાભાઇ બહેનો છે અને તે હકીકત નિર્વિવાદિત છે. અને પક્ષકારો દારા સ્વીકારેલી હકીકત છે. વધુ માં વાદી એ જે જમીન મિલ્કત ની હકીકત દર્શાવેલ છે. તે મિલ્કતનો ના રેવન્યુ રેકર્ડ માં પણ વાદી  અને પ્રતિવાદીઓ ના નામો આવેલ છે. જે આંક 23 થી 28 રજૂ છે. અને રેકર્ડ માં વાદી  ઓ અને પ્રતિવાદીઓ ના નામ આવેલા છે. તે હકીકત સ્પષ્ટ રીતે જણાવે છે કે, વાદી  અને પ્રતિવાદીઓ વડીલોપાર્જિત મિલ્કત ના કાયદેસર ના વારસદારો છે. અને વાદી  ના નામ પણ તેમાં છે. જેથી તેને અલગ થી ઠરાવવાનું જરૂરિયાત રહેતી નથી. વાદી  અને પ્રતિવાદીઓ ના નામો રેવન્યુ રેકર્ડ માં હોઈ, તેઓ ની સંમતિ  વગર આ વાદગ્રસ્ત મિલ્કત નું વેચાણ પણ થઇ શકે તેમ નથી. અને તે તમામ હકીકતો પ્રતિવાદી નં. 1 અને પ્રતિવાદી નં. 2 થી 4 ના ઓ એ સ્વીકારેલ છે. જેથી તેમાં કોઈ તકરાર રહેતી નથી.

(11) ત્યાર બાદ વાદી  એ જે મકાન બાબતે ની હકીકત જણાવેલ છે. તે દાદ  વાદી  ને મળવા પાત્ર નથી. કારણ કે વાદી  એ પોતાના દાવા માં જે મેઢા  બંધ મકાન માં પોતાનો હિસ્સો જણાવેલ છે. તે હકીકત બાબતે રેકર્ડ ઉપર પ્રતિવાદી નં. 1 ના એ

રજૂ કરેલ છે કે, રબારી વાસ માં મિલ્કત નંબર 668 અને 669 એ વાદી ના નામે છે જયારે મિલ્કત નંબર :- 673 અને 675 એ પ્રતિવાદી નં. 1 ના પાસે છે. જયારે દાવા ના જવાબ માં પ્રતિવાદી નં. 2 થી 4 ના ઓ એ મિલ્કત નંબર :- 673 નો કબ્જો તેમની પાસે છે તેવું જણાવેલ છે. આ કામે પ્રતિવાદી નં. 2 થી 4 ના ઓ એ પહેલા અલગ જવાબ રજૂ કરેલ છે. અને ત્યાર બાદ દાવા ના સમર્થન માં બીજો જવાબ રજૂ કરેલ છે. આમ, રેકર્ડ ઉપર તે હકીકત સ્પષ્ટ છે કે, જે મકાન વાદી અને પ્રતિવાદી ઓ કબ્જો ધારણ કરે છે. તે અગાઉ વહેંચણી થઇ ગયેલ છે. કારણ કે વાદી એ તે હકીકત દાવા માં જણાવેલ નથી અને છુપાવેલ છે અને જો તે હકીકત તેવી ના હોય તો, તે મુજબ ના કોઈ પુરાવા આ કામે રજૂ થયેલ નથી. વધુ માં 4 મિલ્કત જો પ્રતિવાદી 1 અને વાદી ની પાસે હોય તો, પ્રતિવાદી નં. 2 થી 4 નાઓ એ તે મિલ્કત માં ભાગ મેળવવા માટે કોઈ કાઉન્ટર ક્લેઇમ પણ કરેલ નથી. આથી, રેકર્ડ ઉપર મકાન બાબતે ને લગતા કોઇ જ પુરાવા મળી આવતા નથી કે એ નિર્ણય ઉપર આવી શકાય કે , મકાન માં વણ વહેંચાયેલો હિસ્સો વાદી અને પ્રતિવાદીઓ નો રહેલો છે અને તે વડીલોપાર્જિત છે અને તેમાં પક્ષકારો ને હક્ક હિસ્સો મળી આવેલ નથી. જેથી વાદી ની મકાન બાબતે ની કોઈ દાદ મંજુર થવાને પાત્ર ગણાતી નથી.

(12) આમ, રેકર્ડ ઉપર જમીન બાબતે ની મિલ્કત એ વણ વહેંચાયેલી મિલ્કત છે તે સ્પષ્ટ થાય છે પરંતુ મકાન બાબતે ની મિલ્કત સ્પષ્ટ થતી ના હોય, મુદ્દા નં. 1 નો જવાબ અશંત હકાર માં આપવામાં આવે છે. વધુ માં વાદી અને પ્રતિવાદીઓ નો વડીલોપાર્જિત મિલ્કત માં સરખો હિસ્સો રહેલો છે. જે હકીકત પ્રતિવાદીઓ પણ સ્વીકરેલ છે. અને સ્વીકારેલી હકીકતો ને પુરવાર કરવાની જરૂર ના હોય, મુદ્દા નં. 2 નો જવાબ હકાર માં આપવામાં આવે છે. વધુ પ્રતિવાદીઓ એ દાવા ની હકીકત સ્વીકારેલ હોય, વાદી નો દાવો ચાલવા પાત્ર છે. જેથી મુદ્દા નં. 3 અને 4 નો જવાબ હકાર માં આપવામાં આવે છે. અને વાદી એ દાદ માંગેલ છે. તે જોવા માં આવે તો, વાદી અને પ્રતિવાદી ઓ દ્વારા સ્વીકારેલ મુજબ જમીન માં સરખો હિસ્સો છે. તેવું ઠરાવી આપવામાં કોઈ પ્રશ્ન નડતો નથી. પરંતુ હાલ નો દાવો વહેંચણી નો નથી તથા વારસાઈ હક્ક માં વારસો ના નામો ચડાવવાનો નથી.

પક્ષકારો ના નામ પહેલે થી જ રેવન્યુ રેકર્ડ માં સમાયેલા છે.વધુ માં ખેતી ની તમામ મિલ્કત એ પ્રતિવાદીઓ ની પાસે છે અને તેવું રેકર્ડ ઉપર સાબિત થયેલ નથી કે તે મુજબ ના કોઈ પુરાવા આ કામે રજૂ કરવામાં આવેલ નથી. જેથી ઉપજ અંગે ની દાદ મળવાપાત્ર થતી નથી. વધુ માં વાદી એ પોતાનો હિસ્સો મેળવવા માટે પાર્ટીશન નો દાવો કરવો રહે છે અથવા તો વહેંચણી કરાર કરવાનો રહે છે અને તે મુજબ તેઓ એ કબ્જો મેળવી લેવાનો રહે છે. હાલ ના દાવા માં પુરાવા ના અભાવે અને વહેંચણી માટે નો દાવો ના હોય, તે દાદ મળવા પાત્ર થતી નથી પરંતુ માત્ર જમીન મિલ્કત અંગે ની દાદ મળવાપાત્ર હોય, મુદ્દા નં. 5 નો જવાબ અશંત હકાર માં આપવામાં આવે છે. અને મુદ્દા નં. 6 નો જવાબ આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(1) **વાદી નો દાવો "અશંત મંજુર " કરવાનો હુકમ કરવામાં આવે છે.**

(2) **આથી, ઠરાવી આપવામાં આવે છે કે,** (અ) ખાતા નં .370 હેઠળ ના સર્વે નં. - 873 , 1131 અને 1140 ની જમીન એ વડીલોપાર્જિત વણ વહેંચાયેલી મિલ્કત છે અને એમાં વાદી નો ત્રીજા ભાગ નો હિસ્સો એટલે કે વાદી અને પ્રતિવાદીઓ નો સરખો હિસ્સો આવેલ છે.

(3) મકાન મિલ્કત બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

(4) ઉપજ મેળવવા ની દાદ માટે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

(5) પક્ષકારો ના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(6) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં તા.25-03-2026 ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સંદીપ ઈશ્વરભાઈ ચૌહાણ)**
પ્રિન્સિપાલ સિવિલ જજ
બહુચરાજી તાલુકા કોર્ટ
જી. મહેસાણા
જી. જે. ૦૧૫૮૦

**સ્થળ :- બહુચરાજી**
**તારીખ :-25-03-2026**
***Self***